અપીલ અરજી નં.૧૩૪ તા.૧૪–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૦–૫–૧૦ ની અરજીથી (૧)ખરવર નગર રોકડીયા હનુમાન મંદિર તથા ખાડી પાસે બની રહેલ બહુમાળી બિલ્ડીંગની કાયદેસરતા કેટલી? (૨) સદર જમીન પર બાંધકામમાં નિયમ–૧૪ જી.ડી.સી.આર સુડા નું ઉલંઘન કરેલ કે નહી? કરેલ હોય તો કરેલ કાર્યવાહીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૪/૨૦૧૦–૧૧

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૦–૫–૧૦ ની અરજીથી (૧)ખરવર નગર રોકડીયા હનુમાન મંદિર તથા ખાડી પાસે બની રહેલ બહુમાળી બિલ્ડીંગની કાયદેસરતા કેટલી? (૨) સદર જમીન પર બાંધકામમાં નિયમ–૧૪ જી.ડી.સી.આર સુડા નું ઉલંઘન કરેલ કે નહી? કરેલ હોય તો કરેલ કાર્યવાહીની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૦ તા.૨૬–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૦૭ તા.૧૦–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૫૦ તા.૧૨–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૫–૧૦ ની અરજીથી ખરવરનગર રોકડીયા હનુમાન નહેર, ખાડીના જોડાણ પાસે બની રહેલ બહુમાળી બિલ્ડીંગ જે ખાડીની અંદર પશ્ચિમ બાજુએ છે તેની વિગત. (૧) ખાડીની અંદર પશ્ચિમ કિનારા ઉપર બની રહેલ બહુમાળી બિલ્ડીંગની કાયદેસરતા કેટલી? (૨) સદર જમીન પર બાંધકામમાં નિયમ–૧૪ જી.ડી.સી.આર સુડા નું ઉલંઘન કરેલ કે નહી? જો કરેલ હોય તો કરેલ કાર્યવાહીનું વિવરણ જન હિતમાં જરૂરી અન્ય જાણકારી જે યોગ્ય હોય નિયમ–૧૪ ના ઉલ્લંઘન સબંધમાં સબંધિત અધિકારી ધ્વારા કઈ કાર્યવાહી કરવામાં આવી જેની માહિતી આપવા બાબતે માહિતી માંગતી અરજી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી નિર્દિષ્ટ સમય મર્યાદામાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી તા.૧૪–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે નિયમ–૧૪ ના ઉલ્લઘંનની કાર્યવાહીનું વિવરણ અને બાંધકામની કાયદેસરતા? બાબતેની માહિતી માંગવામાં આવેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી વિલંબથી પત્ર નં.સા.ઝોન/ટેક.૩૫૦ તા.૧૨–૭–૧૦ થી " રોકડીયા હનુમાન મંદિર સામે ખાડી કિનારે પશ્ચિમ તરફે બહુમાળી મિલ્કતનું બાંધકામ મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા મંજુર થયેલ પરવાનગી અનુસાર ચાલે છે. " તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૦–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી